




પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyadnews.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

**Gandhinagar Office :** Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ - 30 ■ અંક - 21 ■ તા. 24-05-2026 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■Email : prdpraval@yahoo.co.uk


# મોંઘવારીનો માર: ૧૦ દિવસમાં ત્રીજી વખત વધ્યા પેટ્રોલ-ડીઝલના ભાવ

નવી દિલ્હી, તા.૨૩

મિડલ-ઈસ્ટ (મધ્ય-પૂર્વ) માં ચાલી રહેલા આંતરરાષ્ટ્રીય તણાવની સીધી અસર હવે ભારતના સામાન્ય નાગરિકોના ખિસ્સા પર પડી રહી છે. દેશમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં સતત વધારો થઈ રહ્યો છે. શનિવારે ફરી એકવાર પેટ્રોલના ભાવમાં ૮૭ પૈસા પ્રતિ લીટર અને ડીઝલના ભાવમાં ૯૧ પૈસા પ્રતિ લીટરનો ઝીંકાયો છે. સામાન્ય જનતા માટે ચિંતાની વાત એ છે કે છેલ્લા ૧૦ દિવસની અંદર આ ત્રીજી વખત છે જ્યારે ઈંધણના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. આ વધારા સાથે મે મહિનામાં અત્યાર સુધીમાં પેટ્રોલ અને ડીઝલ અંદાજે ૫ રૂપિયા જેટલા મોંઘા થઈ ચૂક્યા છે.આ અગાઉ ૧૫ મેના રોજ પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં એકસાથે ૩-૩ રૂપિયાનો મોટો વધારો કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ૧૯ મેના રોજ ફરી પેટ્રોલ ૮૭ પૈસા અને ડીઝલ ૯૧ પૈસા મોંઘું થયું હતું. હવે શનિવારના વધારા બાદ દેશની રાજધાની દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૮૭ પૈસા વધીને ૯૮.૬૪ થી વધીને ૯૯.૫૧ પ્રતિ લીટર થઈ ગઈ છે. જ્યારે ડીઝલની કિંમત ૯૧ પૈસા વધીને ૯૧.૫૮ થી ૯૨.૪૯ પ્રતિ લીટર પર પહોંચી ગઈ છે.દેશમાં ઈંધણની વધતી કિંમતો અને સપ્લાયને લઈને સોશિયલ મીડિયા પર ચાલી રહેલી અટકળો વચ્ચે કેન્દ્રીય પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયે જનતાને આશ્વાસન આપ્યું છે.

મંત્રાલયે સત્તાવાર નિવેદનમાં જણાવ્યું છે કે, ''સમગ્ર દેશમાં પેટ્રોલ અને ડીઝલની પૂરતી ઉપલબ્ધતા છે અને સપ્લાય ચેઈન સંપૂર્ણપણે સ્થિર છે. અમે તમામ નાગરિકોને અપીલ કરીએ છીએ કે તેઓ કોઈ પણ પ્રકારની અફવાઓ પર ધ્યાન ન આપે અને જરૂરિયાત મુજબ જ ઈંધણ ખરીદે, પૅનિક બાઈંગ (ગભરાટમાં આવીને વધુ ખરીદી કરવી) થી બચે.''મંત્રાલયે વધુમાં ઉમેર્યું હતું કે, કેટલાક પસંદગીના પેટ્રોલ પંપો પર જે કામચલાઉ ભીડ કે દબાણ જોવા



મળી રહ્યું છે તેને વહેલી તકે દૂર કરવામાં આવી રહ્યું છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (સ્ઝ્રજ) સતત સપ્લાય પર નજર રાખી રહી છે અને પરસ્પર તાલમેલ સાથે તેલનું વિતરણ સુનિશ્ચિત કરી રહી છે.

---


### નિયમ બદલીને ટ્રમ્પ સરકારે કર્યો મોટો ખેલ

# ગ્રીન કાર્ડની રાહ જોતાં ભારતીયોનો મોટો ઝટકો

### નવો નિયમ ભારતીય પ્રવાસીઓ માટે સૌથી વધુ ચિંતાજનક છે કારણ કે અમેરિકામાં ગ્રીન કાર્ડ મેળવનારાઓમાં ભારતીયોની સંખ્યા ખૂબ મોટી છે

નવી દિલ્હી, તા.૨૩

અમેરિકામાં સ્થાયી થવાનું અને ગ્રીન કાર્ડ મેળવવાનું સપનું જોતા હજારો ભારતીયોને ડોનાલ્ડ ટ્રમ્પ સરકાર તરફથી એક મોટો ઝટકો લાગ્યો છે. અમેરિકન સરકારે ઈમિગ્રેશન નિયમોમાં મોટો ફેરફાર કર્યો છે, જેના કારણે હવે ભારતીયો માટે ગ્રીન કાર્ડ મેળવવાનો રસ્તો ઘણો મુશ્કેલ બની જશે.યુએસ સિટીઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસીઝ દ્વારા શુક્રવારે આ નવા અને કડક નિયમની જાહેરાત કરવામાં




આવી છે. નવા નિયમ અનુસાર, હવે ગ્રીન કાર્ડ મેળવવા ઈચ્છતા વિદેશી નાગરિકોએ સમગ્ર પ્રક્રિયા દરમિયાન અમેરિકાની બહાર રહેવું પડશે.

અત્યાર સુધી એવું થતું હતું કે લોકો અસ્થાઈ વિઝા પર અમેરિકામાં રહેતા હોય અને ત્યાં જ રોકાઈને ગ્રીન કાર્ડ મળે ત્યાં સુધી પ્રક્રિયા પૂરી કરતા હતા. પરંતુ, હવે આ સુવિધા બંધ કરી દેવામાં આવી છે. અરજદારોએ ફરજિયાતપણે અમેરિકા છોડીને પોતાના વતન પરત ફરવું પડશે અને ત્યાંથી જ ઈમિગ્રન્ટ વિઝા માટે એપ્લાય કરવું પડશે.**USCIS**ના પ્રવક્તા જેક કાહલરે આ અંગે સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે, જે વિદેશી નાગરિકો અસ્થાઈ વિઝા પર અમેરિકામાં છે અને ગ્રીન કાર્ડ મેળવવા માંગે છે, તેમણે પોતાના દેશ પાછા જવું જ પડશે, સિવાય કે કોઈ ખૂબ જ અસાધારણ પરિસ્થિતિ હોય. નવા પોલિસી મેમો અનુસાર, અમેરિકામાં રહીને જ સ્ટેટસ બદલવાની પ્રક્રિયાને હવે સામાન્ય બાબત ગણવામાં નહીં આવે, પણ તેને એક 'અસાધારણ રાહત' તરીકે જોવામાં આવશે. ઈમિગ્રેશન અધિકારીઓને આદેશ અપાયા છે કે તેઓ દરેક કેસની ખૂબ જ ઝીણવટપૂર્વક અને અલગથી તપાસ કરે.અમેરિકાના આ આકરા નિર્ણયની સૌથી મોટી અને સીધી અસર ત્યાં ભણતા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ, એચ-વનબી (**H-1B**) વર્ક વિઝા ધારકો અને પ્રવાસીઓ (ટૂરિસ્ટ) પર પડવાની છે. આ એવા લોકો છે જેઓ અમેરિકા છોડ્યા વિના જ પોતાના કાનૂની સ્ટેટસને ગ્રીન કાર્ડમાં બદલવાની આશા રાખીને બેઠા હતા. પ્રવક્તાના જણાવ્યા અનુસાર, સરકાર કાયદાના અસલી હેતુ તરફ પાછી ફરી રહી છે અને તેઓ ઈચ્છે છે કે વિદેશી નાગરિકો ઈમિગ્રેશન સિસ્ટમનું સાચી રીતે પાલન કરે.અમેરિકન ગૃહ સુરક્ષા વિભાગે સોશિયલ મીડિયા પર આ કડક નિર્ણય અંગે પ્રતિક્રિયા આપતા લખ્યું છે કે, ગ્રીન કાર્ડ ઈચ્છતા લોકોએ વતન પાછા ફરવું જ પડશે. આ નવી નીતિ ઈમિગ્રેશન પ્રણાલીને કાયદા મુજબ ચલાવવામાં મદદ કરશે અને નિયમોની છટકબારીઓનો ખોટો ફાયદો ઉઠાવવાની પ્રવૃત્તિને રોકશે. વિભાગે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે દેશની ઈમિગ્રેશન વ્યવસ્થાનો ખોટો ઉપયોગ કરવાનો દોર હવે પૂરી રીતે ખતમ થઈ ચૂક્યો છે.આ નવો નિયમ ભારતીય પ્રવાસીઓ માટે સૌથી વધુ ચિંતાજનક છે કારણ કે અમેરિકામાં ગ્રીન કાર્ડ મેળવનારાઓમાં ભારતીયોની સંખ્યા ખૂબ મોટી છે. સત્તાવાર આંકડા દર્શાવે છે કે નાણાકીય વર્ષ **2024**માં, **49,700** ભારતીય મૂળના લોકો ગ્રીન કાર્ડ પ્રક્રિયા દ્વારા અમેરિકાના નાગરિક બન્યા હતા. અમેરિકન નાગરિકતા (નેચુરલાઈઝેશન) મેળવનારા વિદેશીઓમાં મેક્સિકો પછી ભારતીયો બીજા ક્રમે સૌથી મોટો સમૂહ ધરાવે છે અને કુલ નાગરિકતા મેળવનારાઓમાં ભારતીયોનો હિસ્સો **6.1** ટકા જેટલો મોટો હતો. હવે આ નવા નિયમથી હજારો ભારતીયોના ભવિષ્ય પર સીધી અસર પડશે.

---

### ઉપપ્રમુખ માર્કો રુબિયો કોલકાતા પહોંચ્યા

# ભારત સાથે સંબંધો સુધારવા અમેરિકા મેદાનમાં ઉતર્યુ

### 'ઓપરેશન સિંદૂર' દરમિયાન પ્રમુખ ટ્રમ્પ દ્વારા યુદ્ધ રોકવાનો શ્રેય લેવાના કારણે ભારતને સ્થાનિક રાજકારણમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો

નવી દિલ્હી, તા.૨૩

અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયો પોતાના પહેલા સત્તાવાર ભારત પ્રવાસે શનિવારની વહેલી સવારે કોલકાતા આવી પહોંચ્યા છે. ભારતમાં અમેરિકાના નવનિયુક્ત રાજદૂત સર્જિયો ગોરે આ ઉચ્ચ સ્તરીય યાત્રાની માહિતી આપી છે. રુબિયોની આ ભારત મુલાકાતને બંને દેશો વચ્ચેના સંબંધો સુધારવાની દિશામાં અત્યંત મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. આ યાત્રાથી છેલ્લા એક વર્ષમાં બંને દેશોના સંબંધોમાં આવેલી ખટાશ દૂર થવાની આશા છે. સાથે જ હિંદ-પ્રશાંત (ઈન્ડો-પેસિફિક) ક્ષેત્રની વ્યૂહનીતિના સંદર્ભમાં પણ આ પ્રવાસ ખૂબ મહત્ત્વનો છે કારણ કે આ દરમિયાન ક્વાડ વિદેશ મંત્રીઓની બહુપ્રતીક્ષિત બેઠક પણ યોજાશે, જેનાથી ક્વાડના ભવિષ્યને લઈને ચાલી રહેલી અટકળોનો અંત આવશે.અમેરિકન રાજદૂત સર્જિયો ગોરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ **X** પર લખ્યું છે કે, 'વિદેશ મંત્રી માર્કો રુબિયો કોલકાતા પહોંચી ગયા છે. આ તેમની પ્રથમ ભારત યાત્રા છે. આજે (શનિવારે) અમે નવી દિલ્હીમાં પીએમ મોદી સાથે મુલાકાત કરીશું. આગામી થોડા દિવસોમાં વ્યાપાર, ટેક્નોલોજી, સંરક્ષણ, ક્વાડ અને અન્ય ઘણા મહત્ત્વના મુદ્દાઓ પર ચર્ચા કરવા અને તેને આગળ ધપાવવા માટે ઘણું બધું છે!'વ્યૂહનીતિ નિષ્ણાતોનું માનવું છે કે ભૂતપૂર્વ અમેરિકન પ્રમુખ જો બાઈડનના કાર્યકાળમાં ભારત-અમેરિકાના સંબંધો બગડવાનો જે દોર શરૂ થયો હતો, તે ટ્રમ્પ શાસનમાં પણ અટક્યો ન હતો. જોકે, ટ્રમ્પ સત્તામાં આવ્યા બાદ પીએમ મોદી એવા પ્રથમ રાષ્ટ્રાધ્યક્ષ હતા જેમને અમેરિકા આવવાનું આમંત્રણ મળ્યું હતું અને ગત વર્ષે ફેબ્રુઆરીમાં મોદીએ અમેરિકાની યાત્રા પણ કરી હતી. ત્યારે એવું લાગ્યું કે સંબંધો સુધરી રહ્યા છે, પરંતુ તે પછી ઘણી એવી ઘટનાઓ બની જેનાથી કડવાશ વધી. વાસ્તવમાં, 'ઓપરેશન સિંદૂર' દરમિયાન પ્રમુખ ટ્રમ્પ દ્વારા યુદ્ધ રોકવાનો શ્રેય લેવાના કારણે ભારતને સ્થાનિક રાજકારણમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. બીજી તરફ, પાકિસ્તાની સેના પ્રમુખ આસિમ મુનીરને ટ્રમ્પ દ્વારા બિનજરૂરી સન્માન અપાતા ભારત અસહજ થયું હતું. આ સિવાય, અમેરિકા દ્વારા ભારત પર લાદવામાં આવેલા **50** ટકા ટેરિફના કારણે કડવાશ વધુ વધી ગઈ હતી.ક્વાડ ની સક્રિયતા અંગે અટકળોનો અંતઆ તમામ વિવાદો વચ્ચે ક્વાડ સંગઠન નિષ્ક્રિય થઈ ગયું હોવાની અટકળો ચાલી રહી હતી. ભારત પાસે ક્વાડની અધ્યક્ષતા હતી અને વર્ષ **2025**માં જ ક્વાડ શિખર સંમેલન ભારતમાં યોજાવાનું હતું, પરંતુ પ્રમુખ ટ્રમ્પે રસ ન દાખવતા આ બેઠક યોજાઈ શકી ન હતી. હવે વિદેશ મંત્રીઓની બેઠક પણ મોડી થઈ રહી છે. આનાથી ભારતને પણ એવું લાગી રહ્યું હતું કે હિંદ-પ્રશાંત ક્ષેત્રમાં ચીનની આક્રમકતા સામે અમેરિકાની વ્યૂહનીતિ બદલાઈ રહી છે. જોકે, હવે આ બેઠક નક્કી થતાં માનવામાં આવી રહ્યું છે કે અમેરિકા ક્વાડને લઈને ગંભીર છે.આતંકવાદ અને સંરક્ષણ કરારો પર ભારતનું મજબૂત વલણસૂત્રોના જણાવ્યા અનુસાર, ભારત આ ઉચ્ચ સ્તરીય બેઠકને માત્ર ઓઈલ ખરીદી સુધી જ સીમિત રાખવાના પક્ષમાં નથી. ક્વાડ બેઠકની સક્રિયતા ઉપરાંત, ભારત સરહદ પારના આતંકવાદ પર અમેરિકા પાસે સહયોગ માંગશે. આ સાથે જ, સંરક્ષણ સામગ્રીના ભાગરૂપે 'જીઈ એન્જિન' ની વહેલી તકે સપ્લાય કરવા અને બંને દેશો વચ્ચેના ફાયદાકારક વ્યાપારી કરારોને વહેલી તકે આખરી ઓપ આપવા માટે પણ ભારત દબાણ કરશે.

---

### <u>SC</u>માં કેન્દ્રનો ચોંકાવનારો રિપોર્ટ

# રશિયાની લાલચમાં ૪૯ ભારતીયોના મોત, કુલ ૨૧૭ સેનામાં જોડાયા હતા !

નવી દિલ્હી, તા.૨૩

રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે રશિયન સેનામાં ભારતીયોની ભરતીને લઈને ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો છે. કેન્દ્ર સરકારે શુક્રવારે સુપ્રીમ કોર્ટમાં સ્ટેટસ રિપોર્ટ દાખલ કરીને જણાવ્યું છે કે, અત્યાર સુધીમાં કુલ ૨૧૭ ભારતીય નાગરિકો રશિયન સેનામાં સામેલ થઈ ચૂક્યા છે, જેમાંથી ૪૯ ભારતીયોએ જીવ ગુમાવ્યો છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વિપુલ એમ. પાંચોલીની બેંચ સમક્ષ આ મામલે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ રિપોર્ટ તે ૨૬ ભારતીય નાગરિકોની સુરક્ષિત વતન વાપસી માટે દાખલ કરાયેલી અરજી પરની સુનાવણી દરમિયાન રજૂ કરાયો હતો, જેમને કથિત રીતે રશિયામાં બંધક બનાવીને જબરદસ્તીથી યુદ્ધ લડવા મજબૂર કરાયા હતા.

એડિશનલ સોલિસિટર જનરલ ઐશ્વર્યા ભાટી દ્વારા કોર્ટમાં રજૂ કરાયેલા રિપોર્ટ અનુસાર, ઘણા ભારતીય નાગરિકો આકર્ષક સેલરી પેકેજ અને સુવિધાઓની લાલચમાં પોતાની મરજીથી રશિયન સેનામાં જોડાયા હતા. આ નાગરિકોને આશરે ૫,૦૦૦ અમેરિકન ડોલર (લગભગ ૪ લાખ રૂપિયાથી વધુ)નું સાઈનિંગ બોનસ, ૨૫૦૦ અમેરિકન ડોલરનો માસિક પગાર, રશિયાની નાગરિકતા અને અન્ય સામાજિક લાભોની લાલચ આપવામાં આવી હતી. આ ઉપરાંત, યુદ્ધમાં મોત થવાની સ્થિતિમાં આશરે ૧,૬૮,૦૦૦ અમેરિકન ડોલર (લગભગ ૧.૪ કરોડ રૂપિયા)ના વળતર આપવાનું પણ વચન અપાયું હતું.૧૩૯ ભારતીયોને મુક્તિ મળી, ઘણા લાપતાભારત સરકારે કોર્ટને જણાવ્યું કે, રશિયા સાથે સતત કરવામાં આવેલા રાજદ્વારી પ્રયાસોના કારણે ૧૩૯ ભારતીય નાગરિકોને રશિયન સેનાના કોન્ટ્રાક્ટમાંથી મુક્ત કરાવી લેવાયા છે. જો કે, હજુ પણ કેટલાક લોકો લાપતા છે. રશિયાએ ૬ ભારતીય નાગરિકો લાપતા હોવાની પુષ્ટિ કરી છે, જ્યારે હજુ ૨૩ નાગરિકોની કોઈ માહિતી નથી. અરજીમાં જે ૨૬ વિશિષ્ટ નાગરિકોનો ઉલ્લેખ હતો, તેમાંથી ૧૪ના મોતની પુષ્ટિ થઈ ચૂક્યા છે, જ્યારે ૧૧ને લાપતા જાહેર કરાયા છે. જ્યારે એક ભારતીય નાગરિક છેડતીના આરોપમાં રશિયામાં ૮ વર્ષની જેલની સજા કાપી રહ્યો છે. મોસ્કો સ્થિત ભારતીય દૂતાવાસ આ લાપતા લોકોની શોધખોળ માટે રશિયન સત્તાવાળાઓ સાથે સતત સંપર્કમાં છે.લાપતા લોકોની શોધખોળ અને માર્યા ગયેલા સૈનિકોના મૃતદેહોની ઓળખ માટે ભારત સરકારે વિશેષ પગલાં લીધા છે. અત્યાર સુધીમાં ૨૧ અસરગ્રસ્ત પરિવારોના સભ્યોના ડીએનએ સેમ્પલ એકત્ર કરીને રશિયન સત્તાવાળાઓને સોંપવામાં આવ્યા છે. સરકારે જણાવ્યું કે, અત્યાર સુધીમાં ૮ કેસમાં પરિવારોની સંમતિથી મૃતદેહ ભારત લાવવામાં આવ્યા છે, જેનો સંપૂર્ણ ખર્ચ ભારતીય સમુદાય કલ્યાણ ભંડોળ દ્વારા ઉઠાવવામાં આવ્યો છે. સુનાવણી દરમિયાન અરજદારોના વકીલે પીડિત પરિવારોને મળનારા વળતરનો મુદો પણ ઉઠાવ્યો હતો, ત્યારબાદ સુપ્રીમ કોર્ટે આગામી સુનાવણી સુધી વિગતવાર રિપોર્ટની સમીક્ષા કરવાનો નિર્ણય લીધો છે.

---

# કાસિમ સુલેમાનીના મોતનો બદલો લેવા પ્લાનિંગ!

વૉશિગ્ટન, તા.૨૩

અમેરિકન તપાસ એજન્સીઓએ એક મોટી આતંકી સાંઠગાંઠનો પર્દાફાશ કર્યો છે, જેમાં અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની પુત્રી ઈવાન્કા ટ્રમ્પની હત્યા કરવાનું ગંભીર કાવતરું ઘડવામાં આવ્યું હતું. રિપોર્ટ અનુસાર, પકડાયેલો આરોપી ઈવાન્કા ટ્રમ્પના ઘરનો નકશો લઈને ફરી રહ્યો હતો અને તેની ગતિવિધિઓ શંકાસ્પદ જણાતા એજન્સીઓ એલર્ટ થઈ ગઈ હતી.અમેરિકન સુરક્ષા એજન્સીઓના જણાવ્યા અનુસાર, આ સમગ્ર કાવતરા પાછળ ઈરાન સમર્થિત આતંકી નેટવર્કનો હાથ છે. પકડાયેલો આરોપી ઈરાનના કમાન્ડર કાસિમ સુલેમાનીના મોતનો બદલો લેવા ઈચ્છતો હતો. ઉલ્લેખનીય છે કે વર્ષો પહેલા અમેરિકી એરસ્ટ્રાઈકમાં કાસિમ સુલેમાની માર્યો ગયો હતો, ત્યારથી ઈરાન સમર્થિત સંગઠનો અમેરિકન નેતાઓ અને તેમના પરિવારોને નિશાન બનાવવાની ફિરાકમાં રહે છે.

---

### માર્કો રુબિયો આજથી ચાર દિવસ ભારતના પ્રવાસે, સૌ પ્રથમ કોલકાતા જશે

# એચ-૧બી વિઝા માટેના રજિસ્ટ્રેશનમાં ૩૮.૫ ટકાનો જંગી ઘટાડો નોંધાયો

### એચ-૧બી માટે પસંદ કરાયેલાં રજિસ્ટ્રેશનમાંથી માત્ર ૧૭.૭ ટકા જ નીચા વેતનની કેટેગરીમાંથી સિલેક્ટ કરાયાં

વોશિંગ્ટન, તા.૨૩

વધુ ઉચ્ચ શૈક્ષણિક યોગ્યતા ધરાવતાં તથા ઊંચુ વેતન ધરાવતાં લોકોને અગ્રતા આપવાની તથા એચ-૧બી વિઝાનો દુરૂપયોગ અટકાવવાની અમેરિકાની નીતિને પગલે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન એચ-૧બી વિઝાના રજિસ્ટ્રેશનમાં ૩૮.૫ ટકાનો જંગી ઘટાડો નોંધાયો છે. ભારતીય પ્રોફેશ્નલ્સમાં સૌથી લોકપ્રિય એવી વિઝાની આ કેટેગરી પર અમેરિકાએ વિવિધ નિયંત્રણો લાદ્યાં છે.યુએસ સિટીઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસિસ (યુએસસીઆઈએસ)ના જણાવ્યાં અનુસાર, અમેરિકાના અર્થતંત્રમાં અસરકારક યોગદાન આપી શકે તેવા લોકોને આ વર્ષે વિઝા ફાળવણીમાં પ્રાથમિકતા અપાઈ છે. તાજેતરના વર્ષોમાં જારી કરાયેલાં કુલ એચ-૧બી વિઝામાં ભારતીયોનો હિસ્સો અંદાજે ૭૧ ટકા જેટલો રહેવા પામ્યો છે. યુએસસીઆઈએસે જણાવ્યું છે કે, એચ-૧બી માટે પસંદ કરાયેલાં રજિસ્ટ્રેશનમાંથી માત્ર ૧૭.૭ ટકા જ નીચા વેતનની કેટેગરીમાંથી સિલેક્ટ કરાયાં છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં એચ-૧બી માટે કુલ ૩,૪૩,૯૮૧ રજિસ્ટ્રેશન સબમિટ કરાયાં હતાં, જે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં ૩૮.૫ ટકા ઘટીને ૨,૧૧,૬૦૦ નોંધાયાં હતાં. મંજૂર કરાયેલી અરજીઓ પૈકીની ૭૫ ટકા અરજીઓ અનુસ્નાતક કે તેથી વધુ ડિગ્રી ધરાવતાં ઉમેદવારોની હતી. યુએસ સેક્રેટરી ઓફસ્ટેટ માર્કો રુબિયો શનિવારથી ચાર દિવસ ભારતના પ્રવાસે આવી રહ્યા છે. તાજેતરમાં મોટું રાજકીય પરિવર્તન લાવનારા કોલકાતામાં તેઓ પ્રથમ તબક્કામાં જશે. છેલ્લા ૧૪ વર્ષમાં પ્રથમ વખત યુએસના સેક્રેટરી ઓફ સ્ટેટ પશ્ચિમ બંગાળની મુલાકાત લેવાના છે.

રુબિયો પહેલા વર્ષ ૨૦૧૨માં હિલેરી ક્લિન્ટન કોલકાતા ગયા હતા અને તત્કાલીન મુખ્યમંત્રી મમતા બેનરજી સાથે મુલાકાત કરી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ, રુબિયો સવારે ૭ કલાકે કોલકાતા પહોંચીને મધર ટેરેસા સ્થાપિત મિશનરીના વડામથકમાં જશે. ત્યારબાદ તેઓ આગ્રા, જયપુર અને દિલ્હીની મુલાકાતે જવાના છે. કોલકાતામાં અમેરિકાએ ભારત ખાતેની પ્રથમ કોન્સ્યુલેટની સ્થાપના કરી હતી.

24-05-2026_19 Jan Fariyad_New_P-1

### વડાપ્રધાને રાજ્યના સ્થાનિક પર્યટનસ્થળોએ ફરવા જવા જાહેર અપીલ કરી હતી

# મધ્યમ વર્ગમાં ઘરઆંગણે ઓછાં ખર્ચે મજા: ડે પિકનિકનું ચલણ વધ્યું





અમદાવાદ, તા.૨૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વૈશ્વિક કટોકટીના સમયમાં દેશવાસીઓને વિદેશ પ્રવાસ ન ખેડી દેશ-રાજ્યના સ્થાનિક પર્યટનસ્થળોએ ફરવા જવા જાહેર અપીલ કરી હતી. આ અપીલને અમદાવાદીઓએ આવકારી છે, એટલું જ નહીં, વેકેશનમાં પરિવાર સાથે વિદેશ કે અન્ય રાજ્યોના પ્રવાસન સ્થળોએ જવાને બદલે અમદાવાદની આજુબાજુમાં આવેલા રિસોર્ટમાં જ પરિવાર સાથે વીકએન્ડ ગાળવા અથવા ડે પિકનિકનો વિકલ્પ અપનાવ્યો છે. વડાપ્રધાનની જાહેર અપીલની એવી અસર થઈ છે કે, અમદાવાદ આસપાસ આવેલા રિસોર્ટની ઈન્કવાયરીમાં ૨૦૦ ટકાનો તોતીંગ વધારો થયો છે. ૧૫ દિવસ પહેલા ડે પીકનિક માટે ગણ્યાગાંઠ્યા લોકો પૂછપરછ કરતા હતા, પરંતુ છેલ્લા એક સપ્તાહમાં વીકએન્ડ(શનિ-રવિ, બે દિવસ) અને ડે પીકનિક માટે ખાસ્સી એવી પૂછપરછ જ નહીં, પરંતુ અનેક પરિવારોએ બુકિંગ પણ કરાવી લીધું છે. સાથોસાથ કોર્પોરેટ જૂથો પણ એન્યુઅલ, કોર્પોરેટ મીટિંગ કે અન્ય ઈવેન્ટ માટે રિસોર્ટ બુક કરવા લાગ્યા છે.ગુજરાતમાં ધો-૧૦ અને ધો-૧૨ની બોર્ડની પરીક્ષા પૂરી થયા બાદ કેટલાક પરિવારોએ વિદેશ પ્રવાસ માટે લક્ષદ્વીપ, મોરેશિયસ, બાલી અને યુરોપના દેશો જ્યારે મધ્યમ વર્ગીય પરિવારોએ દેશમાં જ જમ્મુ-કાશ્મીર, હિમાલય પ્રદેશ, સિક્કિમ તો કેટલાક ગુજરાતી પરિવારોએ 'સસ્તુ ભાડુ ને સિદ્ધપુરની જાત્રા'ની ઉક્તિને અનુસરીને નજીકના આબુ, ઉદેપુર, કુંભલગઢ, જેસલમેર જેવા સ્થળોએ વેકેશન ગાળવાનું આગોતરું આયોજન કર્યું હતું. જેમાંથી કેટલાક પરિવારોને કોઈ કારણસર બુકિંગ કે ટિકિટની સમસ્યા થઈ અને એ સમયગાળામાં જ વડાપ્રધાને જાહેર અપીલ કરતા આવા પરિવારોએ ટૂર કેન્સલ કરીને ઓછા ખર્ચમાં ગુજરાતમાં જ મજા માણવાનો નિર્ણય કર્યો. વડાપ્રધાનની અપીલ અને લોકોની પૂછપરછ જોતા રિસોર્ટ માલિકોએ વાજબી ભાવે પેકેજ ઓફર કરીને ધંધો કરવાની તક ઝડપી લીધી છે. અમદાવાદના એક બુટિક રિસોર્ટના માલિક મિલિન્દ શાહ કહે છે કે, વડાપ્રધાનની અપીલને ગુજરાતીઓએ આવકારી છે, એટલું જ નહીં, અમલમાં પણ મૂકી છે. જાહેર અપીલ બાદ ખૂબ જ ટૂંકા સમયમાં તેમણે ફાર્માસ્યુટિકલ્સ કંપનીઓની છ મોટી ઈવેન્ટ કરી છે અને ૨૦૦થી વધુ ડે પીકનિકના બુકિંગ મેળવ્યા છે. તેઓ કહે છે કે, અમારો રિસોર્ટ અન્ય રિસોર્ટ કરતા અલગ-બુટિક રિસોર્ટ છે. જે લોકોને અલગ પ્રકારની અનુભૂતિ કરાવે છે. ઈન્ડોર-આઉટડોર ગેમ્સ અને સ્વિમિંગ પુલ સહિતના આકર્ષણ તો ખરા જ. ઈવેન્ટ મેનેજમેન્ટના ક્ષેત્ર સાથે સંકળાયેલા સૂત્રો કહે છે કે, મોંઘવારી અને સમયને અભાવે હવે અનેક પરિવારોમાં નજીકના સ્થળોએ વીકએન્ડ અથવા બે-ત્રણ દિવસના 'આઉટીંગ'નો ટ્રેન્ડ વધી રહ્યો છે. જેમાં અનેક લોકો પરિવાર સાથે પોતાના બજેટમાં એન્જોય કરે છે. કેટલીક કંપનીઓ પણ લોકલ ડેસ્ટિનેશનમાં ઈવેન્ટ માટે પૂછપરછ કરી રહી છે અને બજેટ મુજબ અમે તેમને આયોજન કરી આપીએ છીએ.જોકે, ટૂર ઓપરેટરોને દર વર્ષની માફક આ વર્ષે પણ વેકેશનની સિઝન ફળી છે. ઉનાળુ વેકેશનમાં હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર સહિત ઠંડા પ્રદેશોની ટૂર કરાવતા એક ઓપરેટર કહે છે કે, સામાન્ય રીતે પરીક્ષાઓ પહેલા એટલે કે ફેબુઆરીમાં જ પૂછપરછ અને મોટાભાગે બુકિંગ શરૂ થઈ જાય છે. ગુજરાતીઓમાં પહેલેથી જ ઠંડા રાજ્યોમાં વેકેશન માણવાનું ચલણ છે.

# ધમધોખતા તાપમાં મહિલાઓની પાણી માટે ૨ કિલોમીટરની પદયાત્રા

છોટા ઉદેપુર,

નર્મદા મૈયા' આખા ગુજરાતની જીવાદોરી ગણાય છે અને તેના પાણી નર્મદા કેનાલ મારફતે છેક સૌરાષ્ટ્ર અને કચ્છ સુધી પહોંચાડવામાં આવે છે. પરંતુ નર્મદા નદીના કાંઠે જ વસેલા છોટા ઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાના એક આદિવાસી ફળિયામાં સરકારી વિકાસના તમામ દાવાઓ પોકળ સાબિત થયા છે. નસવાડીના છોટીઉમર ગામના પટુલી ફળિયાના ૨૦૦થી વધુ લોકો ઉનાળામાં પીવાના પાણીના એક-એક ટીપા માટે વલખાં મારી રહ્યા છે. હેડપંપો અને બોરના તળ ઊંડા જતાં લોકો નદીમાં વીરડા (ખાડા) ખોદીને દૂષિત પાણી પીવા અને પશુઓને પીવડાવવા મજબૂર બન્યા છે.

મળતી માહિતી અનુસાર, છોટીઉમર ગામનું પટુલી ફળિયું એ તાલુકાના છેવાડાના વિસ્તારનું છેલ્લું ફળિયું છે. સરકારની 'નલ સે જલ' યોજના હેઠળ પાણી પુરવઠા વિભાગ દ્વારા અહીં મોટો સંપ બનાવવામાં આવ્યો છે અને ઘરે-ઘરે નળ કનેક્શન પણ બેસાડી દેવાયા છે. સરકારી ચોપડે કદાચ આ ફળિયામાં પાણી પહોંચી ગયું હશે, પણ વાસ્તવિકતા એ છે કે નળ કનેક્શન નંખાયાના આજદિન સુધી તેમાં પાણીનું એક ટીપું પણ આવ્યું નથી. ઉનાળાની શરૂઆત થતાં જ ફળિયામાં આવેલા હેડપમ્પ અને બોરના જળસ્તર સાવ નીચા જતા રહ્યા છે, જેના કારણે આખું ફળિયું પાણી વિહોણું બની ગયું છે.

ભયાનક પાણીની તંગી વચ્ચે આ પટુલી ફળિયાની મહિલાઓની હાલત સૌથી વધુ કફોડી બની છે.

આ ધોમધખતા ૪૫ ડિગ્રી જેવા તાપમાં મહિલાઓ માથે બેડાં લઈને એકથી બે કિલોમીટર દૂર આવેલા કૂવાઓ પર પાણી ભરવા માટે પગપાળા જવા મજબૂર બની છે. કૂવા સિવાય જેમને પાણી નથી મળતું, તેઓ નર્મદા નદીના સુકાઈ ગયેલા પટમાં જઈને હાથથી 'વીરડો' (નાનો ખાડો) ખોદે છે અને કલાકો સુધી તેની અંદર ઝરતું પાણી ગાળીને પીવા માટે ઉપયોગમાં લે છે.

ગ્રામજનોનો આક્ષેપ છે કે પાણીની આ ગંભીર સમસ્યા અંગે પાણી પુરવઠા વિભાગના ઉચ્ચ અધિકારીઓને વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે. આમ છતાં, એસી કેબિનમાં બેસતા એક પણ અધિકારીએ આજદિન સુધી આ છેવાડાના ગામની મુલાકાત લેવાની તસ્દી સુધ્ધાં લીધી નથી.

આ આદિવાસી વિસ્તારના લોકો મુખ્યત્વે પશુપાલન પર નિર્ભર છે. ઘરમાં પોતાના માટે પીવાનું પાણી નથી, ત્યારે પશુઓને ક્યાંથી પીવડાવવું? આ મોટી આફત સામે આવતા પશુ માલિકોએ એક અતિશય લાચારીભર્યો નિર્ણય લીધો છે.

પશુઓ તરસ્યા ન મરે તે માટે માલિકોએ પોતાના ગાય અને ભેંસોને ખીલેથી છોડીને ખુલ્લા મૂકી દીધા છે. આ અબોલ પશુઓ પાણીની શોધમાં આપમેળે નર્મદા કિનારે પહોંચી જાય છે અને ત્યાં નદીનું પાણી પીને ગુજારો કરે છે..

પશુ માલિકો ઉનાળાના આ બે મહિના સુધી પશુઓને ઘરે બાંધતા જ નથી.એક તરફ ડિજિટલ ઈન્ડિયા અને વૈશ્વિક વિકાસની ગુલબાંગો ફૂંકવામાં આવે છે, ત્યારે નર્મદાના કાંઠે જ તરસ્યા રહેતા આ ૨૦૦ આદિવાસીઓનો વિકાસ ક્યાંક રૂંધાઈ ગયો હોય તેમ સ્પષ્ટ દેખાય છે.

હવે જોવું એ રહ્યું કે મીડિયામાં અહેવાલ આવ્યા બાદ કુંભકર્ણની નિદ્રામાં પોઢેલું પાણી પુરવઠા તંત્ર જાગે છે કે પછી આ ગરીબ આદિવાસીઓએ આખો ઉનાળો વીરડાનું ગંદુ પાણી પીને જ વિતાવવો પડશે.

# શુક્ર-બુધનો પરિવર્તન યોગ અને મંગળનુંતાંડવ : દેશ અને દુનિયામાં કેવા થશે મોટા બદલાવ?

**Yoggi Astrology** ના અંક ૧૮૫માં આપ સૌનું સ્વાગત છે.મારા ઘણા વખતના લેખમાં લખ્યું હતું કે, વિશ્વમાં આર્થિક મંદી આવી રહી છે. જે હાલ સ્થિતિ જોતા વિશ્વમાં ધીરે-ધીરે મંદીનું વાતાવરણ થઈ રહ્યું છે. હાલ મોદી સરકારના કડક નિયમોથી ન્યાયની પરિસ્થિતિ ખબર પડી રહી છે, ભારતમાં તેની અસર આંતરિક રહેશે. મે મહિનામાં સ્ટૉક માર્કેટ નબળી પડી છે. તેની અસર નવેમ્બર સુધી રહેશે. ફરીથી એકવાર વિનંતી છે, મોદીએ સોનાની ખરીદી ઉપર રોક લગાવી છે પરંતુ દિવાળી સુધી સોના-ચાંદીમાં તેજી જોવા મળશે. મારા મુજબ ચાંદી દિવાળી સુધીમાં ૬ લાખ રૂપિયા થઈ જશે. ભારતની વૃષભ લગ્નની કુંડલી સૂર્ય-બુધની યુતિ થતી હોવાથી ભારતમાં મોદી જરૂર સરકારી સેક્ટર, બેંક સેક્ટરમાં, ન્યાયલયમાં ભારે ચેન્જ થતું જોવા મળે છે. મોદીના કહેવા પ્રમાણે ઘરેથી કામ કરવું, બસ, ટ્રેનનો ઉપયોગ કરવો, સોનું લેવું નહીં. આ બધી વસ્તુ ઉપરથી વિશ્વમાં કોઈ ઉથલપાથલ થઈ રહી છે. આ વસ્તુ ઉપર જોતા, મારા જૂના લેખ ઉપરથી ખબર પડશે આજે મોટી વાત ઉપરથી કંઈ નવું થશે? ભારત ઉપર પણ યુદ્ધ સંકટ આવી રહ્યું છે? આ લેખ લખું ત્યારે રાજધાની એક્સપ્રેસમાંઆગજળી ઘટના બની છે કે જે મારા લેખ લખ્યું હતું કે ટ્રેન દુર્ઘટના બતાવે છે, જેમાં પાછલા દિવસમાં બંગાળમાં ટ્રેન ઘટના બની હતી

હાલ ગોચરમાં મેષ રાશીમાં મંગળ છે, જ્યારે વૃષભ રાશીમાં સૂર્ય - બુધ બેઠા છે. મિથુન રાશીમાં ગુરુ-શુક્ર બેઠા છે, આથી અહીં શુક્ર-બુદ્ધ પરિવર્તન યોગ બની રહ્યો છે. શુક્ર બુધનાં ઘરમાં બેસે ત્યારે અચાનક દરેક વસ્તુની કિંમત વધવા માંડે છે, જેથી મોંઘવારી ચરમસીમા ઉપર જાય છે, જેથી બુધ વૃષભ રાશીમાં આવ્યો ત્યાર પછી દરેક વસ્તુમાં ભાવ વધારો જોવા મળ્યો છે. પેટ્રોલ મોંઘું થતાં દરેક વસ્તુની કિંમત વધશે. આ ૨૯ મે ના રોજ ફરીથી રાશી પરિવર્તન કરશે. ૧૪ મે થી ૨૯ મે વચ્ચે મનીનું કૌભાંડ બહાર પડશે. જેમાં અમુક બેંક ઉપર તેની અસર પડશે. ફક્ત ભારત નહીં, પૂરા વિશ્વમાં તેની અસર જોવા મળશે. આ ઉપરાંત આ સમય દરમ્યાન મોદી રૂપિયા ઉપર કોઈ બ્રેકીંગન્યુઝ ન આપે, આ સમય દરમ્યાન વિશ્વમાં ઘણા દેશો મનીક્રાઈસીસમાંથી પસાર થતાં જોવા મળશે, ટ્રંપ ઉપર પણ ઘણા આરોપ થતાં જોવા મળશે. ઔદ્યોગિક ક્ષેત્ર, વેપાર ક્ષેત્રમાં ઈન્કમ ટેક્સ પડશે. બંગાળમાં પણ મોટું રૂપિયાનું કૌભાંડ બહાર પડશે. બુધ ઉપર શનીની ત્રીજી દ્રષ્ટિ પડે છે. આથી શનિ તેના કર્મનું ફળ આપશે. સૂર્ય-બુધ સાથે હોવાથી રાજકીય નેતાનું પણ મની કૌભાંડ બહાર પડશે.

શુક્ર ગુરુ સાથે મિથુન રાશીમાં બેઠો છે અને મોદી આમ જનતા માટે કોઈ રાહતનું પૅકેજ બહાર પાડશે, ત્યારબાદ જ્યારે શુક્ર ૪જુલાઈનાં રોજ સિંહ રાશીમાં કેતુ સાથે આવશે ત્યારે શુક્ર-કેતુની યુતિ બનશે. આ સમય દરમ્યાન ફિલ્મ જગતમાં અભિનેત્રીઓ માટે સારો સમય નથી. આ સમય દરમ્યાન કેન્સરથી અથવા અચાનક મૃત્યુના યોગ બતાવે છે, જેમાં ખાસ કરીને ૫૦-૬૦ વર્ષ વચ્ચેની અભિનેત્રીઓ માટે આ ઘટના બનશે.

૧૪ મે ના રોજ બુધે રાશી પરિવર્તન કર્યું અને એક બાજુ અમેરિકા-ચીન વેપાર ઉપર ચર્ચા કરી. આમ આ એક ગ્રહોનું ઉદાહરણ છે. ૧૪ મે થી ૨૯ મે વચ્ચે કોઈ ફિલ્મ, નેતા, કવિ તથા લેખક માટે સારો સમય નથી. જેવી રીતે મમતા બંગાળમાંઈલેક્શન હારી ગઈ પરંતુ તેમની કુંડલી મેષ લગ્નની હોવાથી હાલ લગ્નમાં મંગળ આવ્યો છે, જેથી મે-જૂન સમય બંગાળમાં કોઈ ઘટના બનતી જોવા મળશે. તેનો શની ઉચ્ચ તથા શનીની દશા જતાં-જતાં તેણે ખોટા પરિણામ આપ્યા. જો મમતા સારા કર્મ કર્યા હોત તો તેની કુંડલી પ્રમાણે દેશનાં**P.M.** બનવાની શક્યતા હતી, તેને ખોટો સમય ઉપયોગ કરતાં તેનું પરિણામ મળ્યું. આવનાર સમયમાં બંગાળ૨૦૨૮ સુધીમાં સમુદ્ર તટને વિકસિત કરશે. આ ઉપરાંત ત્યાં ્.ની ઘણી કંપની ઉત્પન્ન થશે. આર્મી બેઈઝ નવું બનશે, જે બાંગ્લાદેશ ઉપર નજર રાખશે. ભારતની મંગળની દશા ચાલે છે. આવનાર સમયમાં ભારતે ફરીથી ગુમાવેલી જગ્યા મેળવશે. હાલ મંગળ આદ્રા નક્ષત્રમાં છે શિવ રૂપ જે તાંડવ કરે તે, આથી મોદીનુંઆદ્રા રૂપ જોવા મળશે. ચીન, બાંગ્લાદેશ, પાકિસ્તાન ઉપર કહેરમચાવશે.

આજે મોદી એ કહ્યું કે, પેટ્રોલનો ઉપયોગ ઓછો કરવો, તેની પાછળ એક કારણ છે ગોચરમાં મંગળ મેષમાં ચાલે છે, પેટ્રોલ બચાવવાનું કારણ કે તે વસ્તુ દેશ માટે ઉપયોગ થાય. આ વાક્ય ઉપરથી સમજ પડી જશે તેનું પરિણામ ટૂંક સમયમાં જોવા મળશે. ભારતની મેગાઉદ્ધનિ તૈયારી ચાલી રહી છે. ટોપ નેતા વચ્ચે **Emergency meeting** ચાલે છે, આજે **BJP** બંગાળ વિજય થતાં પાકિસ્તાન અને બાંગ્લાદેશ માટે ખતરાની ઘંટી વાગી છે.

આ લેખ લખું છું ત્યારે ઈઝરાયેલમાં ન્યુક્લિયર સાઈટ ઉપર ભયંકર બ્લાસ્ટ થયો છે, જેમાં લેખમાં લખ્યું હતું કે રાહુ શતભિષા નક્ષત્રમાં હોવાથી ન્યુક્લિયર લીક અથવા તેના પર હુમલો થવાની શક્યતા બને છે, જે હાલ ઈઝરાયેલમાં થયું છે. આમ મંગળ મેષ રાશીમાં આવતા પોતાનું બળ વધારતા તેણે પ્રકૃતિ સાથેની રમત શરૂ કરી છે. તેવી જ રીતે શની - નેપ્ચ્યુનની યુતિ પણ તેની રમત રમે છે. અચાનક વરસાદ થવો, જ્યારે ગુરુ-શુક્રનીમિથુનમાં યુતિ કુદરતી આપત્તિ, ધરતીકંપ જેવી ઘટના જોવા મળશે. હાલ શનિદેવરેવતી નક્ષત્રમાં આવતા ભારતમાં નોટબંધી જેવા યોગ બની રહ્યા છે અથવા તો કોઈ નવી પદ્ધતિથી વેપાર થશે અથવા રશિયા-ભારત વચ્ચે નવા ચલણની વાત થશે. આ રેવતી નક્ષત્રથી નવા નવાનિયમો બનશે જેથી ભારત તથા વિશ્વમાં આર્થિક પરિવર્તનની થશે. ભારતની વૃષભ લગ્નની કુંડલી પ્રમાણે જ્યારે-જ્યારે બુધ ૬, ૮, ૧૨ મે આવે ત્યારે બેંક ચલણ પર તેની અસર થતી જોવા મળે છે. આથી ઓક્ટોબર ૨૦૨૬ દરમ્યાન કરન્સીમાં મોટો ફેરફાર થવા યોગ બની રહ્યા છે. હજુ આવનાર સમયમાં પાણી વતી કુદરતી ઘટના ઘટતી થશે. હજુ રેલ્વે દુર્ઘટના, પ્લેન ક્રેશની ઘટના થતી જોવા મળશે.

**Yoggi Astrology**ની મુલાકાત લઈ તમારા જીવન સમસ્યા માટે જરૂર મળશો. હાલ હું ભારતમાં હોવાથી મારી મુલાકાત જરૂરથી લઈ તમારી સમસ્યા દૂર કરશો તમારી કુંડલી ઉપર તમારું નિવારણ જરૂરથી કરી આપીશું. મારો ફોન ૯૭૨૫૮ ૭૭૭૮૨ અથવા +૧-૬૪૭-૨૮૬-૩૭૩૪ છે. **WhatsApp** ઉપર પણ મુલાકાત લઈ શકશો.

**Yogesh Gandhi**
**(MSC B. ED.)**
**Yoggi Astrology**
**77 Mission Ridge**
**TR, BRAMPTON,**
**CANADA**
+૧-૬૪૭-૨૮૬-૩૭૩૪ (કેનેડા) . +૯૧ ૯૭૨૫૮ ૭૭૭૮૨ (ભારત)

### મોડાસા-શામળાજી હાઈવે પરની ઘટના

# ફેમિલી સ્પાની આડમાં ચાલતા સેક્સ રેકેટનો પર્દાફાશ

અરવલ્લી,

અરવલ્લી જિલ્લામાં સ્પા અને મસાજ પાર્લરની આડમાં ચાલતી ગેરકાયદેસર તથા અનૈતિક પ્રવૃત્તિઓ સામે પોલીસે લાલ આંખ કરી છે. મોડાસા-શામળાજી હાઈવે પર આવેલા એક જાણીતા 'ફેમિલી સ્પા'માં પોલીસે ગ્રાહકોના સ્વાંગમાં ઓપરેશન પાર પાડીને હાઈપ્રોફાઈલ સેક્સ રેકેટનો પર્દાફાશ કર્યો છે. સ્પાની આડમાં ચાલતા આ કૂટણખાના પર ત્રાટકેલી પોલીસે સંચાલક મહિલા સહિત કુલ ચાર યુવતીઓની ઘટનાસ્થળેથી અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, મોડાસા-શામળાજી રોડ પર આવેલા આ ફેમિલી સ્પામાં ગ્રાહકોને રિલેક્સેશન આપવાના બહાને દેહવ્યાપારનો કાળો કારોબાર ધમધમી રહ્યો હોવાની ગુપ્ત અને સચોટ માહિતી પોલીસને મળી હતી.

પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, સ્પાના સંચાલકો દ્વારા બહારના રાજ્યો અથવા અન્ય મોટા શહેરોમાંથી યુવતીઓને ઉંચી કમાણીની લાલચ આપી અહીં બોલાવવામાં આવતી હતી અને ત્યારબાદ ગ્રાહકો પાસેથી તગડી રકમ વસૂલીને દેહવ્યાપારના દળદળમાં ધકેલવામાં આવતી હતી.

આ અનૈતિક પ્રવૃત્તિનો પાકા પાયે પર્દાફાશ કરવા માટે અરવલ્લી પોલીસે એક ચોક્કસ વ્યૂહરચના બનાવી હતી. પોલીસે સ્પામાં એક ડમી ગ્રાહક (પન્ટર) મોકલ્યો હતો. આ ડમી ગ્રાહકે સ્પાની અંદર જઈને સંચાલકો સાથે યુવતી માટે નાણાંની લેવડદેવડ પૂર્ણ કરી અને જેવો જ બહાર ઈશારો કર્યો, કે તરત જ નજીકમાં ટાંપીને ઉભેલી પોલીસની ટીમે સ્પા પર અચાનક દરોડો પાડ્યો હતો. પોલીસની આ અણધારી રેડથી સ્પાની અંદર નાસભાગ મચી ગઈ હતી. પોલીસે ઘટનાસ્થળેથી કૂટણખાનું ચલાવતી મુખ્ય મહિલા સંચાલક અને અન્ય ત્રણ યુવતીઓ સહિત કુલ ચાર મહિલાઓની અટકાયત કરી છે. રેડ દરમિયાન પોલીસે સ્પામાંથી રોકડ રકમ તેમજ અન્ય વાંધાજનક સામગ્રી પણ જપ્ત કરી હોવાનું જાણવા મળ્યું છે. હાલમાં સ્થાનિક પોલીસે આ મામલે કાયદેસરનો ગુનો નોંધીને આ રેકેટના તાર ક્યાં-ક્યાં જોડાયેલા છે અને આ કાળા કારોબારમાં અન્ય કયા મોટા માથાઓ સામેલ છે તે દિશામાં ઝીણવટભરી તપાસ હાથ ધરી છે. હાઈવે પર આ પ્રકારે હાઈપ્રોફાઈલ સેક્સ રેકેટ પકડાતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.




મન તું મિત્ર' શબ્દ વાંચતાની સાથે બસ તને નિહાળવાનું મન થાય. જેટલો સરળ શબ્દ છે એટલો જ ગહન અને અટકચાળો છે. તેની સાથે દોસ્તી કરવાનું મન થાય. તેના પર કાબૂ મેળવવાનો વ્યર્થ પ્રયાસ કરીએ, તેની પાછળ ભાગતા રહીએ તેમ તે બમણી ઝડપે દૂર જાય. ચંચળ તો કેવું એ કળવું મુશ્કેલ છે ! એક ઠેકાણે પળભર સ્થિર રહી ન શકે. આ મન શું છે ? આપણું પાર્થિવ શરીર તેને રહેવાનું સ્થળ નથી. તેનું સામ્રાજ્ય ચારેકોર છવાયેલું છે. જો શાંત હોય તો સ્વર્ગ હાથવેંતમાં જણાય. ઉધામા મચાવે તો તેને શાંત કરવું મુશ્કેલ છે. મન ન હોય તો માનવીનું અસ્તિત્વ નિરર્થક છે.

'મન હોય તો માળવે જવાય', એક પણ કદમ ચાલ્યા વગર.

આ મન પાંખ વગર નિર્ભય થઈ ગગનમાં વિહરી શકે છે. અંતરિક્ષમાં જઈ તત્ક્ષણ પૃથ્વી પર પાછું ફરે. 'મન' તું મારો મિત્ર છે. મારી

એકલતાનો તું સાથી છે. તારી સાથે કોઈ કાળે દુશ્મનાવટ નહીં કરું, એ વાયદો સદા પાળીશ. તારી સાથે ગુફતગુ કરવાની મજા આવે છે. તું સાંભળે છે, શાંતિથી. તું હંમેશા સાચી સલાહ આપે છે. આનંદ એ વાતનો છે કે તું સ્વાર્થથી વેગળું છે. તારો સાથહોય પછી દુનિયા જખ મારે છે.

'મન', એક સવાલ કરું, તું આટલું અટપટું કેમ છે ? તું કોઈ વાતે બંધાતું નથી. તને પાટલી બદલતાં વાર લાગતી નથી. તારી ચંચળતાને કોઈ ન પહોંચે. તું ધારે તો ફૂલ જેવું હલકું અને કોમળ બને. તારામાં વજ્ર જેવી તાકાત પણ આવે. તું શેનું બનેલું છે ?

મોટા જ્ઞાની પણ મનનો ભેદ ખોલી શકતા નથી. જે વ્યક્તિ મનથી નમે તે સહુને ગમે. સરળ રહેવું એ તારી વિશેષતા છે. અહંકારથી ઉભરાયું તો બધા ગુણો ખલાસ ! તારી પડતીની નિશાની ! સંજોગ, પરિસ્થિતિ, વાતાવરણની તારા પર અસર થવાની. ત્યાંથી સાચવીને બહાર આવવું એ કળા છે. ભલે તકલીફ થાય પણ તેના વગર છૂટકો નથી. તારામાં સંયમનો અભાવ છે. ધીરજ શબ્દ તારા શબ્દકોશમાં નથી !

હે, મન તને કઈ રીતે સાચી દિશામાં પ્રવૃત્ત રહેવું એ શીખ્યા વગર ચાલશે નહીં. મનુષ્ય દેહ પામવા માટે આકરી તપસ્યા કરી હતી. એ જન્મસાર્થક કરવાનો છે. તેમાં તારી ભૂમિકા મુખ્ય છે. મન, મિત્ર તરીકે તારા સાથ અને સહકારની આશા છે.

- પ્રવિણા અવિનાશ કડકિયા,
હ્યુસ્ટન, અમેરિકા


પાટણ ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ જ્ઞાતિ

જય ખંભલાવ્ય

**બેસણું**

અમોના સૌથી નાના ભાઈ ચિ. નિલેશ અનિરુદ્ધભાઈ રાવલ ના પુત્ર સ્વ. વિવેક નિલેશભાઈ રાવલ ની દુઃખદ અવસાન તારીખ 19/5/2026 ના રોજ થયેલ છે. તેમનું બેસણું પ્રાર્થના સભા તારીખ 24/5/2026 ને રવિવારના રોજ સવારે 8:00 વાગ્યાથી 11:00 વાગ્યા સુધી નીચે જણાવેલ નિવાસસ્થાને રાખેલ છે.

મહાદેવ..!!




April 17, 1991 - May 19, 2026

સુનિલ એ રાવલ — નયના રાવલ
બકુલ એ રાવલ — જયશ્રી રાવલ
પ્રદીપ એ રાવલ — મીનાક્ષી રાવલ
નિલેશ એ રાવલ — વૈશાલી રાવલ
આનંદ એસ રાવલ — દર્શન એસ રાવલ
ધવલ બી રાવલ — ઓમ પી રાવલ
ભૂમિ રાવલ

**તારીખ:- 24/5/2026**
**બ્લોક ઈ - 1003, શરણમ એરાઈસ, પૂજા ફાર્મ પાસે, 100 ફુટ નો રોડ, નારોલ અસલાલી હાઈવે, અમદાવાદ**

Published and Owned by Pradip Raval and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009. and published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001 Editor -Pradip Raval

24-05-2026_19 Jan Fariyad_New_P-2